ટેન્ડર નં.ટ્રાન્સપોર્ટેશન/૨૦૨૬/ ટેન્ડર ફી રૂ.૧,૫૦૦/- (નોન રીફંડેબલ)

# ગુજરાત ટાઉન પ્લાનિંગ કન્સલટન્સી લીમીટેડ

૩જો માળ, રિવરફ્રન્ટ હાઉસ, એચ.કે. આર્ટ્સ કોલેજ પાછળ, અમદાવાદ-૩૮૦૦૦૯

**<u>કામનું નામ</u> :** ગુજરાત ટાઉન પ્લાનિંગ કન્સલ્ટન્સી લિમિટેડનાં જુદા જુદા ખાતાઓમાં ફિલ્ડ ડયુટી સારૂ જરૂરી માસિક દૈનિક ૧૨કલાકની કામગીરી માટે મારૂતીઇકો/ઇઓન/આઇ-૧૦/વેગેનાર/ સ્વીફ્ટ ડીઝાયર/અમેઝ/નેક્સોન/ઈનોવા ક્રિસ્ટા/સ્કોર્પિયો/ઝાયલો/અર્ટીગા વિગેરે અથવા તે પ્રકારના પેસેન્જર ટ્રાન્સપોર્ટેશનની કામગીરી પ્રકારના વાહનો માસિક/દૈનિક ધોરણે ભાડેથી પૂરાં પાડવાની વાર્ષિક કામગીરી અંગે.(બીજો પ્રયત્ન)

૧. ઓનલાઈન ટેન્ડર તા.૦૨/૦૨/૨૦૨૬ થી તા.૦૯/૦૨/૨૦૨૬ સુધી **http://nprocure.com** સાઈટ ઉપરથી ડાઉનલોડ/અપલોડ કરી શકાશે.

૨. ટેન્ડર ભરનાર એજન્સીએ હાર્ડ કોપીમાં ટેન્ડર રજી.પો.એ.ડી અથવા સ્પીડ પોસ્ટથી તા.૧૦/૦૨/૨૦૨૬ ના રોજ સાંજે ૦૫:૩૦ કલાક સુધીમાં અત્રેની કચેરીમાં પહોંચે તે રીતે "ગુજરાત ટાઉન પ્લાનિંગ કન્સલ્ટન્સી લિ., ત્રીજો માળ, રિવરફ્રન્ટ હાઉસ, એચ.કે.આર્ટ્સ કોલેજ પાછળ, ગાંધી અને નેહરુ બ્રિજ વચ્ચે, અમદાવાદ, ગુજરાત - ૩૮૦૦૦૯" એ સરનામે મોકલવાનું રહેશે. ટેન્ડર ભરનાર એજન્સીએ ટેન્ડર દસ્તાવેજોને એક કવરમાં મુકવાના રહેશે. (જેમાં એજન્સીનું નોંધણી પ્રમાણપત્ર, આર.સી.બુક, ચાલુ વીમા પોલીસી, પાનકાર્ડ તેમજ અનુભવના દસ્તાવેજો તેમજ ટેન્ડરના એનેક્ષર-૨ મુજબના જરૂરી દસ્તાવેજો મુકવાના રહેશે.) તેમજ ટેન્ડર ફી – બાનાની રકમ એક અલગ કવરમાં મૂકવાના રહેશે. સાથેસાથે આ તમામ દસ્તાવેજો સ્કેન કરી કચેરીના ટેન્ડર દસ્તાવેજના ભાગમાં અપલોડ કરવાનાં રહેશે. હાર્ડ કોપીમાં ટેન્ડર – મુખ્ય કવર - "જુદા જુદા પ્રકારના વાહનો ભાડે રાખવા માટેના ટેન્ડર દસ્તાવેજોનું કવર" એમ રાખી, તેની અંદર ઉપર જણાવેલ બંન્ને કવર (૧. ટેન્ડર દસ્તાવેજોનું કવર અને ૨. ટેન્ડર ફી-બાનાની રકમનું કવર) મૂકી રજી.પો.એ.ડી અથવા સ્પીડ પોસ્ટથી તા. ૧૦/૦૨/૨૦૨૬ના રોજ સાંજે ૦૫:૩૦ કલાક સુધીમાં અત્રેની કચેરીમાં અચૂક મોકલી આપવાના રહેશે.

૩. સૌપ્રથમ જે એજન્સીઓના ટેન્ડર ફી/બાનાની રકમના સીલબંધ કવર તથા પૂર્વલાયકાતની વિગતો સીલબંધ કરવામાં મળેલ હશે તેના જ કવરો ખોલવામાં આવશે. જેમાં સૌપ્રથમ એજન્સીના પે-ઓર્ડરના સીલબંધ કવરો ખોલવામાં આવશે. ત્યારબાદ પૂર્વ લાયકાતની વિગતોના સીલબંધ કવરો ખોલવામાં આવશે.

૪. જે એજન્સીઓની પૂર્વલાયકાતની વિગતો મેનેજીંગ ડાયરેક્ટરશ્રીને સંતોષકારક જણાશે તેમના જ ઓનલાઈન ભાવપત્રક ખોલવા વિચારણા કરવામાં આવશે. એજન્સીએ માત્ર ઓનલાઈન ભાવો મુકવાના રહેશે. ઓફલાઈન ભાવો મુકવાના રહેશે નહીં

૫. પ્રત્યેક વાહનનાં મોડલ સને ૨૦૨૪ કે તે પછીનાં વર્ષમાં રજીસ્ટર થયેલા હોવા જોઈએ. દરેક વાહન મુંબઈ વાહન વેરાની જોગવાઈ અન્વયે ટેક્સી પાર્સીંગવાળા હોવા જોઈએ આ અંગેના જરૂરી પુરાવા ટેન્ડરરે જરૂર જણાય ત્યારે આપવાના રહેશે. કોઈપણ સંજોગોમાં વાહન મોડલ વર્ષ ૨૦૨૪ થી જુનું હોવું જોઈએ નહિ. અન્યથા તેનું પેમેન્ટ ચુકવવામાં આવશે નહિ.

૬. પૂર્વલાયકાતની વિગતો સાથે ટેન્ડર ફી રકમ રૂ.૧,૫૦૦/- અને અર્નેસ્ટમનીની રકમ પેટે રૂ.૬૦,૦૦૦/- (અંકે રૂપિયા સાહીઠ હજાર પુરા) નો કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકનો અમદાવાદ ખાતે ચુકવવાપાત્ર GTPCLના નામનો એકાઉન્ટ પેઈ ડિમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર સામેલ રાખવાનો રહેશે.

૭. શરતી ટેન્ડર, ટેન્ડર કે તેનો ભાગ કોઈપણ જાતનાં કારણો આપ્યા વગર સ્વીકારવો તેનો અબાધિત હક્ક જી.ટી.પી.સી.એલ.નો રહેશે. જે તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

૮. વાહનો ભાડે આપવાના દર દૈનિક ૧૨ કલાક અને માસિક ૨૦૦૦ કિ.મી. મર્યાદામાં ફેરણી (હિંમતનગર, લોથલ, આણંદ, નડીયાદ, જેવા વિસ્તાર સુધી) માટેના સમયગાળા માટેના છે. આ સમયગાળા અને કિ.મી. કરતાં વધારે સમય અને કિ.મી માટે વાહન વપરાશમાં લેવામાં આવે, તો વધારાના પ્રત્યેક પુરા કલાકનો દર ભાવપત્રકના અનુક્રમ નં.૨ માં દર્શાવવાનો રહેશે. માસિક ધોરણ ૨૦૦૦ કિ.મી. કરતાં વધારાના કિ.મી. માટેના ભાડાની વિગતો અનુક્રમ નં.૩ માં દર્શાવવાની રહેશે.

૯. જયાં વાહનનો ઉપયોગ માસિક ૨૦૦૦ કિ.મી. કરતાં વધુ અંતર માટે થયો હોય ત્યારે નિયત સમયગાળા માટે મળવાપાત્ર દર ઉપરાંત ૨૦૦૦ કિ.મી.થી વધુ થયેલ દરેક કિ.મી.નો દર ચુકવવાપાત્ર થશે. તે જ રીતે જયાં વાહનનો ઉપયોગ ૧૨ કલાક ઉપરાંતના સમય માટે થયેલ હશે તો વધારાના કલાક માટે નિયત થયેલ દર ઉપરાંત કલાકદીઠ નક્કી થયેલ ચુકવવામાં આવશે.

૧૦. વાહનનો કોઈપણ સમયે ગમે તે સમયગાળા માટે અને ગમે તે સ્થળે સંસ્થા દ્વારા મંગાવવામાં આવે તે રીતે પુરા પાડવાના રહેશે. ટેન્ડરરે તમામ વાહન નિયત કરેલ સ્થળે, સમયે નિયમિત રીતે અચુકપણે પુરા પાડવાનાં રહેશે. પરંતુ જો વાહનો પુરાં પાડવામાં ટેન્ડરરની અનિયમિતતા જણાશે તો ટેન્ડરર પાસે પેનલ્ટીની રકમ તેઓને ચુકવવાનાં થતાં બીલમાંથી કે અત્રે જમા ડીપોઝીટમાંથી/અન્ય કોઈ કામનાં બાકી નાણાં વિગેરેમાંથી કાપી લેવામાં આવશે. વાહનના ઉપયોગ અંગે જી.ટી.પી.સી.એલ.ને જરૂર જણાશે ત્યાં વાહન આપવાનું રહેશે. તે અંગે ટેન્ડરરનો કોઈપણ પ્રકારનો વાંધો સ્વીકારવામાં આવશે નહિં.

૧૧. સદર ટેન્ડરની કામગીરી કામ શરૂ કર્યાથી **એક વર્ષ** માટે સોંપવામાં આવશે તથા જરૂરીયાત અનુસાર સમયમાં વધારો/ઘટાડો કરી શકાશે તથા ભરેલ ભાવ તે સમયગાળા માટે ફીક્સ રહેશે.

૧૨. કોન્ટ્રાક્ટરની કામગીરી સંતોષકારક જણાયેથી અને જી.ટી.પી.સી.એલ.માં જરૂરીયાત જણાયેથી સદર કામની મુદત પરસ્પર સંમતિથી મુદત પુરી થયેથી વધુ એક વર્ષ માટે/જી.ટી.પી.સી.એલ.ને જરૂરી જણાય તે સમય માટે લંબાવી શકાશે. સંસ્થા દ્વારા જરૂર જણાયે આ ઈજારાની મુદતમાં શરતો અને બોલીઓમાં જરૂરી સુધારા વધારા કરીને ઈજારાની મુદત લંબાવવાનો અબાધિત હક્ક જી.ટી.પી.સી.એલ. પાસે રહેશે.

૧૩. વાહનના ડ્રાયવરનો પગાર, ડીઝલ, ઓઈલ, ફ્યુઅલ, રીપેરીંગ ખર્ચ, વીમા તેમજ આ પ્રકારની કામગીરીને લગતા તમામ આનુષાંગિક ખર્ચાઓ અંગેની તમામ કાયદાકીય, નાણાંકીય સહિતની તમામ જવાબદારીઓ ટેન્ડરરની જ રહેશે તથા આ અંગેની જી.ટી.પી.સી.એલ.ની સીધી કે પરોક્ષ કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી. વાહનોના નિયત થનાર ભાડા સિવાય અન્ય કોઈ રકમ સંસ્થા ચુકવશે નહીં.

૧૪. દર માસે વાહનના પુરેપુરા બીલો જે તે વાહન વાપરનાર વિભાગ/અધિકારીશ્રી (જણાવવામાં આવે તે મુજબ) એક સાથે રજુ કરવાના રહેશે. ભાડેથી રાખવામાં આવેલ પ્રત્યેક વાહનદીઠ એક લોગબુક (ડાયરી) એજન્સીએ પોતાના ખર્ચે નિભાવવાની રહેશે. જેમાં ડ્રાયવરનું નામ, વાહન આવ્યાનો સમય - વાહન ગયા સમય (દરેક ફેરાનો સમય), કિલોમીટર, વાહન દ્વારા કરેલ કામગીરી વિગેરે બાબતોની રોજેરોજ નોંધ કરવાની રહેશે અને વાહન વાપરનાર વિભાગનાં અધિકારીની લોગબુકમાં રોજેરોજ સહી કરાવવાની રહેશે. વાહનનો ઉપયોગ બાબતના નિયત પત્રકમાં રોજેરોજ નોંધ કરી વાહન વાપરનાર કર્મચારી/અધિકારીશ્રીની રોજેરોજ સહી મેળવવાની રહેશે. કોન્ટ્રાક્ટરે બીલની સાથે આ પત્રક સામેલ કરવાનું રહેશે. અન્યથા બીલ ચુકવવામાં આવશે નહીં. દરેક વાહનનું માઈલોમીટર ચાલું હોવું જોઈએ.

૧૫. વાહન ભાડાના જે તે મહિનાના બીલો (સહી કરાવેલ પત્રક સાથે) તે પછીના મહિનાની ૧૦(દસ) તારીખ સુધીમાં રજુ કરવાનાં રહેશે. અન્યથા રૂ.૨,૦૦૦/- પેનલ્ટી વસુલ કરવામાં આવશે. ડ્રાયવરનો પગાર સમયસર કરવાનો રહેશે.

૧૬. વાહન આકસ્મિક સંજોગોમાં બ્રેક ડાઉન થાય તેવા સંજોગોમાં તેની અવેજીમાં ટેન્ડરરે અન્ય વાહન એક કલાકમાં પુરૂં પાડવાનું રહેશે. રીપ્લેસમેન્ટ તરીકે વાહનની વ્યવસ્થા કરવામાં નહિ આવે તો જેટલાં કિ.મી./કલાકની કામગીરી કરેલ હશે તેટલાં જ કલાકનું પ્રોરેટા મુજબનું ભાડું ચુકવવામાં આવશે. બાકીના સમયનું ભાડું કાપી લેવામાં આવશે તથા તે દિવસે વાહન પુરૂં પાડેલ નથી તેમ સમજી રૂ.૫૦૦/- લેખે પેનલ્ટી કાપવામાં આવશે.

૧૭. સમગ્ર કામગીરી દરમ્યાન કોન્ટ્રાક્ટરના વાહનોથી કોઈ અકસ્માત થાય કે જાહેર જનતા/માલ મિલ્કત વિગેરેને નુક્શાન થાય તો તે અંગેની તમામ જવાબદારીઓ કોન્ટ્રાક્ટરની રહેશે. વાહનની કામગીરીના સમય દરમ્યાન સંજોગોવશાત વાહનને અકસ્માત થાય તો વાહન ડ્રાયવરની કે અન્ય કોઈને થયેલી ઈજા કે મૃત્યુ તથા વાહનને જે કોઈ નુક્શાન થશે તે સહિતની સઘળી જવાબદારી, એમ.એ.સી.ટી.ક્લેઈમ સહિતનો તથા આર.ટી.ઓ. નિયમો તેમજ કાયદાકીય જવાબદારીઓ કોન્ટ્રાક્ટરની જ રહેશે. આ અંગે જી.ટી.પી.સી.એલ.ની કોઈપણ પ્રત્યક્ષ કે પરોક્ષ જવાબદારી રહેશે નહિં.

૧૮. વાહનો નિયત કરેલા દિવસે, સમયે અને સ્થળે અચૂક મોકલવાના રહેશે, તેમાં જો કસુર થશે તો પ્રત્યેક કસુરદીઠ રૂ.૧૦૦૦/-, મંજુર થયેલ તમામ વાહનો કચેરીના ચાલુ દિવસ દરમ્યાન પુરા પાડવામાં નહિ આવે તો રૂ.૧૦૦૦/-, જો વાહન સવારના ૧૦ વાગ્યા પછી પુરા પાડવામાં આવશે તો રૂ.૫૦૦/-, તેમજ તમામ વાહનો સાંજના ૭.૦૦ વાગ્યા પહેલા હાજર નહિ હોય તો રૂ.૫૦૦/-, વાહન સારી હાલતમાં કે સ્વચ્છ

નહિ હોય તો રૂ.૩૦૦/-, સેવાઓ પુરી પાડવાનો ઈન્કાર કરવામાં આવશે તો રૂ.૨,૦૦૦/-, અસલામત કે ઝડપી વાહન ચલાવવા માટે રૂ.૧,૦૦૦/- (પ્રથમ ભૂલ બદલ), તથા રૂ.૨,૦૦૦/- (નિરંતર ભૂલ બદલ), ઈંધણના અભાવને લીધે વાહન ઉભું રહી જાય તેવા કિસ્સામાં રૂ.૫૦૦/- (પ્રથમ ભૂલ બદલ), તથા રૂ.૧,૦૦૦/- (નિરંતર ભૂલ બદલ), તેમજ ઉપરોક્ત ભૂલો સિવાયની કોઈપણ ભૂલ માટે રૂ.૧,૦૦૦/-, કોન્ટ્રાક્ટરે રજુ કરેલ બીલ તેમજ પત્રક વાસ્તવિક/સુસંગત નહિ હોય તેવા કિસ્સામાં રૂ.૨૦૦૦/-, મંજુર થયેલ તમામ વાહનો હાજર નહિ હોય તેવા કિસ્સામાં રૂ.૧,૦૦૦/-, ની પેનલ્ટી વસૂલ કરવામાં આવશે.

૧૯. જે સ્થળે વાહન મંગાવેલ હોય તો જે તે સ્થળે વાહન પહોંચે તે સમય તથા કિ.મી. રીડીંગ, ભાડાના ક્લેઈમ માટે ધ્યાનમાં લેવામાં આવશે, તેવી જ રીતે જે સ્થળે વાહન મુક્ત કરવામાં આવે તે સમય અને કિ.મી. અને રીડીંગને જ ભાડાના ક્લેઈમ માટે ગણતરીમાં લેવામાં આવશે.

૨૦. સંસ્થાના અધિકારી/કર્મચારી દ્વારા વાહનો અંગે લેખિત/મૌખિક/ટેલીફોન પર જાણ કર્યા મુજબના વાહનો ઈજારદારે પુરા પાડવાના રહેશે, વાહનોની સંખ્યામાં વધઘટ કરવાનો અધિકાર સંસ્થાને રહેશે. જી.ટી.પી.સી.એલ.નાં જે તે વાહન ફાળવેલ ખાતાં અધિકારી અથવા ખાતાની સુચના મુજબ જણાવવામાં આવે તે સ્થળે તથા નિયત કરેલ સમયે કોન્ટ્રાક્ટરે વાહનો આપવાનાં રહેશે તથા જેટલી જરૂરીયાત હશે તે મુજબ વાહનો આપવાનાં રહેશે. વાહન જી.ટી.પી.સી.એલ.નાં અધિકારીશ્રીને જ્યારે ફાળવવામાં આવેલ હોય ત્યારે તેવા અધિકારીશ્રી દ્વારા જી.ટી.પી.સી.એલ.ની સેવાઓને લગતી જે કોઈ કામગીરી જણાવવામાં આવે તે કરવાની રહેશે.

૨૧. વાહનો જરૂરીયાત મુજબ પુરા પાડવામાં ન આવે તથા તેનાં કારણે કોઈ ગેરવ્યવસ્થા ઉભી થશે તો તે અંગે જી.ટી.પી.સી.એલ.ને યોગ્ય લાગે તે વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવાની સત્તા રહેશે અને તે માટે જી.ટી.પી.સી.એલ.ને થયેલ આર્થિક નુક્શાન કોન્ટ્રાક્ટર પાસે વસૂલ કરવામાં આવશે.

૨૨. ટેન્ડરર વેલીડીટીની સમયમર્યાદા દરમ્યાન સ્વેચ્છાએ ટેન્ડર પાછું ખેંચી શકશે નહિ તથા કામગીરી સોંપાયા બાદ સમયમર્યાદામાં શરૂ નહિ કરનારની ઈ.એમ.ડી. જપ્ત કરવામાં આવશે તથા કામગીરી સોંપ્યા બાદ સંતોષકારક કામગીરી નહિ કરનાર અથવા તો કામગીરી અધવચ્ચેથી છોડી દેનાર કોન્ટ્રાક્ટરની સીક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૨૩. વાહનના ડ્રાયવરે નશાયુક્ત પીણું પીધું હશે કે અન્ય કોઈ માદક પદાર્થનો નશો કર્યો હશે તો તે વાહન સ્વીકારવામાં આવશે નહિ અને કોન્ટ્રાક્ટરે તે દિવસે વાહન પુરૂં પાડેલ નથી તેમ સમજી વાહનદીઠ પેનલ્ટી રૂ.૫૦૦/- વસૂલ કરવામાં આવશે તથા કાયદેસર પોલીસ કાર્યવાહી કરવા સુધીનાં પગલાં લેવામાં આવશે.

૨૪. ટેન્ડરરને સૌપ્રથમ વર્કઓર્ડર આપવામાં આવે ત્યારે ઓર્ડર આપ્યા તારીખથી મહત્તમ દિન-૦૭ માં કે જી.ટી.પી.સી.એલ.ની જરૂરીયાત મુજબ વાહન પુરાં પાડવાનાં રહેશે તેમજ આકસ્મિક સંજોગોમાં સંસ્થાને

તાત્કાલિક વાહનની જરૂરીયાત પડશે તો તે વિના વિલંબે આપવાના રહેશે. જો વાહન જેટલા દિવસ માટે મોડું આપવામાં આવ્યું હશે તે માટે દરેક વાહનદીઠ નિયત કરેલ પેનલ્ટી વસૂલ કરવામાં આવશે.

૨૫. ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ જથ્થો અંદાજીત છે જે વધઘટને પાત્ર રહેશે. જો દર્શાવ્યા કરતાં વધારે/ઓછા વાહનોની જરૂરીયાત પડશે તો સદર ટેન્ડરની શરતો, નિયમો અને ભાડાના મંજૂર થયેલ દર મુજબ વાહનોની જેટલી સંખ્યામાં તથા સમયગાળા માટે જરૂરીયાત હશે ત્યાં સુધી ટેન્ડરરે આપવાનાં રહેશે. આ માટે કોઈ વધારાનો કે અલગથી ચાર્જ ચુકવવામાં આવશે નહિ.

૨૬. વાહનનો ઉપયોગ જો રજા/જાહેર તહેવારોના દિવસે જરૂર હશે તો પણ સંસ્થાની જરૂરીયાત મુજબ કરવામાં આવશે જે અંગે મંજૂર થયેલ ભાવ કરતાં કોઈ વધારાનાં નાણાં ચુકવવામાં આવશે નહિ અને તે મુજબ વાહનો આપવાનાં રહેશે. વાહન **<u>માસિક એવરેજ ૨,૦૦૦ કિ.મી.ની મર્યાદામાં</u>** વાપરવામાં આવશે તથા તેને ધ્યાનમાં લઈ **<u>દૈનિક ૧૨-કલાકની કામગીરી</u>** અંગેનાં ભાવ આપવાનાં રહેશે. ટેન્ડર ઈવેલ્યુશન માટે **<u>૧૨-કલાકની</u>** કામગીરીનાં આવેલ ભાવોને ધ્યાનમાં લેવામાં આવશે.

૨૭. એનેક્ષર – ૪માં દર્શાવેલ ભાવપત્રકમાં અનુક્રમ ન. ૪ અને ૫ માં દર્શાવેલ ભાવો, જી.ટી.પી.સી.એલ. દ્વારા જ્યારે લાંબા પ્રવાસ (જેમકે, જામનગર, સોમનાથ, દ્વારકા, વેરાવળ, વિગેરે) માટે વાહનની જરૂરીયાત પડશે ત્યારે On-Call basis પર પ્રવાસના આગળના દિવસે એજન્સીનાં પ્રતિનિધિને ટેલીફોનિક જાણ કરી માહિતગાર કરવામાં આવશે ત્યારે એજન્સીએ તાત્કાલીક GTPCLને જોઈએ તે પ્રકારનાં વાહનની વ્યવસ્થા કરી આપવાની રહેશે. અન્ય તમામ શરતો અને વિગતો સદર ટેન્ડરમાં જણાવ્યા મુજબની જ લાગુ પડશે.

૨૮. આવેલ ટેકનીકલી ક્વોલીફાઈડ અનુસંધાને જી.ટી.પી.સી.એલ.ને જરૂરી જણાયેથી જે તે વાહન માટેનાં લોએસ્ટ/માન્ય થયેલ ભાવથી એક કરતાં વધુ એજન્સીને જી.ટી.પી.સી.એલ.ને યોગ્ય લાગે તે જથ્થા માટે કામગીરી વિભાજન કરી શકાશે જે તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

૨૯. કોન્ટ્રાક્ટરે વાહન ચલાવવાની કામગીરી માટે પુરા સમયનો ડ્રાયવર તેના ખર્ચે આપવાનો રહેશે તથા દરેક વાહન સતત મળી રહે તે સારૂ ૧૨ કલાકની કે જે તે જણાવવામાં આવેલ સમયમર્યાદા માટેની ફરજ માટે જરૂરીયાત અનુસાર સ્ટાફ મુકવાનો રહેશે.

૩૦. <u>ડ્રાઇવરને શહેરના તેમજ રાજ્યના રૂટનું જ્ઞાન હોવું જોઈએ અને હિન્દી, અંગ્રેજી અને ગુજરાતીમાં વાતચીત કરી અને સમજી શકતો હોવો જોઈએ.</u> વાહનો રોજે રોજ સ્વચ્છ કરી ટીપટોપ કન્ડીશનમાં અપટુડેટ રીતે કામગીરી કરે તે રીતે જી.ટી.પી.સી.એલ.ને પુરા પાડવાનાં રહેશે.

૩૧. જે પણ વાહનો ઉપયોગમાં લેવામાં આવે તેની આર.સી બુકની નકલ જરૂરી ચેકીંગ સારૂં જી.ટી.પી.સી.એલ.ના જે તે વિભાગ/વાહન વાપરનાર અધિકારીશ્રીને આપવાની રહેશે. તમામ વાહન ટેક્ષી પાસીંગ ધરાવતા હોવા જોઈએ. અન્યથા જે તે વિભાગ/વાહન વાપરનાર અધિકારીશ્રી દ્વારા આવા વાહનો

સ્વીકારવામાં નહિ આવે અને તે અંગે કોઈ પેમેન્ટ ચુકવવામાં આવશે નહિ. આ અંગે કોઈ વાદવિવાદ ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૩૨. જી.ટી.પી.સી.એલ.ની લેખિત મંજુરી સિવાય કોઈપણ સંજોગોમાં ટેન્ડરર વાહન પર જી.ટી.પી.સી.એલ. કે ઓનડ્યુટી જી.ઓ.જી. એવું કોઈપણ લખાણ કરી શકશે નહિ. અને પૂર્વાનુમતિ મેળવી આ પ્રકારનું લખાણ જ્યારે વાહન ઓન-ડ્યુટી હોય ત્યારે જ રાખી શકાશે તથા આ બાબતે જો કોઈ દુરઉપયોગ થયેલ માલુમ પડશે તો તે અંગેની સઘળી જવાબદારી ટેન્ડરરની રહેશે. તેમજ જી.ટી.પી.સી.એલ.ની ફરજ દરમ્યાન અચૂકથી દરેક વાહન પર ઓન-ડ્યુટી જી.ટી.પી.સી.એલ. દર્શાવવાનું રહેશે.

૩૩. મહિનાના અંતે અધિકારી પાસેથી સંતોષકારક કામગીરી અંગેનું નિયત નમુના મુજબનું સર્ટીફીકેટ મેળવીને લોગબુક ડાયરીઓ સાથે જે તે મહિનાના કરેલ કામગીરીનાં બીલો તે પછીનાં મહિનાની ૧ થી ૧૦ તારીખ સુધીમાં જે તે વાહન વાપરનાર ખાતા/અધિકારીશ્રી (જણાવવામાં આવે તે મુજબ) ટેન્ડરરે રજુ કરવાનાં રહેશે. બીલ સાથે બીલ નંબર, બીલની તારીખ, બીલની રકમ, વાહન નંબર, વાહન વાપરનાર ખાતું, અધિકારીનું નામ, વાહન વપરાશના દિવસો વિગેરે તમામ માહિતી સાથેનો તારીજો આપવાનો રહેશે.

૩૪. દરેક વાહનો નિયમો અનુસાર જરૂરી ઈન્સ્યોરન્સ, આર.ટી.ઓ., પી.યુ.સી. તથા અન્ય સરકારી એજન્સીની માન્યતા ધરાવતા હોવા જોઈએ તથા સમયે-સમયે અમલમાં આવતાં તમામ કાયદાઓ, નિયમો વિગેરેનું પાલન કરવાની સંપૂર્ણ જવાબદારી ટેન્ડરરની રહેશે.

૩૫. ટેન્ડરરે સરકારશ્રીના પોલ્યુશનના નિયમોને આધિન રહીને તેનો અમલ કરવાનો રહેશે. તેની સંપૂર્ણ જવાબદારી ટેન્ડરરની રહેશે.

૩૬. વાહનની કામગીરી દરમ્યાન વાહનના કારણે, ડ્રાયવરના કારણે જાહેર જનતાને કે અન્ય કોઈપણ વ્યક્તિને, પેસેન્જરને અને/અથવા સંપતિને નુકશાન પહોંચશે તો તેની સઘળી જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે. આ અંગે જી.ટી.પી.સી.એલ.ની કોઈપણ જવાબદારી રહેશે નહિ.

૩૭. સૌથી ઓછા ભાવનું ટેન્ડર કે કોઈપણ ટેન્ડર અથવા તેના ભાવો સ્વીકારવા કે નહિ તેનો સંપૂર્ણ હક્ક જી.ટી.પી.સી.એલ.નો રહેશે અને તે માટે કોઈપણ કારણ આપવામાં આવશે નહિ, જે તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે. કામગીરીની જરૂરીયાતને ધ્યાનમાં લઈ જી.ટી.પી.સી.એલ.ને જો જરૂરી લાગશે તો એક કરતાં વધુ ટેન્ડરરને પ્રથમ લોએસ્ટનાં ભાવથી અને શરતોથી રેટ કોન્ટ્રાક્ટનાં સમયગાળા દરમ્યાન જરૂરીયાત મુજબ કામગીરી આપી શકશે.

૩૮. કોન્ટ્રાક્ટર દ્વારા આ કામગીરી માટે લાગુ પડતાં તમામ કાયદાઓ-નિયમો, મજુરોને લગતા કાયદાઓની તમામ જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે અને તે અંગે જી.ટી.પી.સી.એલ.ની કોઈ જવાબદારી રહેશે નહિ.

૩૯. GST, ટેક્ષ, વ્યવસાય વેરો તથા અન્ય કોઈપણ સરકારી કરવેરાની તમામ જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે. આ અંગે જરૂરી રજીસ્ટ્રેશન અંગેનાં પુરાવા ટેન્ડરનાં ટેકનીકલ બીડ સાથે રજુ કરવાનાં રહેશે.

૪૦. કોન્ટ્રાક્ટનાં સમયગાળા દરમ્યાન કોન્ટ્રાક્ટરની ખરાબ કામગીરી બદલ કે અન્ય કોઈપણ કારણોસર જો જી.ટી.પી.સી.એલ.ને ભાડાનાં વાહનોની જરૂરીયાત ન જણાય તો દિન-૦૭ ની નોટીસ આપી જી.ટી.પી.સી.એલ. કોન્ટ્રાક્ટના સમયગાળાની અંદર પણ કોન્ટ્રાક્ટ રદ કરી શકશે જે અંગે કોઈ વિવાદ ધ્યાનમાં લેવામાં આવશે નહિ તથા તે કોન્ટ્રાક્ટરને માન્ય રહેશે.

૪૧. સદર સર્વિસ પૂરી પાડવા અંગે સરકારી ધારાધોરણો મુજબ જરૂરી લાયસન્સ કે અન્ય કોઈ બાબતની જરૂરીયાત રહેતી હોય તો તે અંગેની સઘળી જવાબદારી તથા તેનું પાલન કરવાની પણ સમગ્ર જવાબદારી કોન્ટ્રાક્ટરનાં શિરે રહેશે.

૪૨. દરેક વાહનમાં દૈનિક ધોરણે અચૂકથી પૂરતી માત્રામાં ડીઝલ/ફ્યુઅલ ભરાયેલ હોવું જોઈએ જો કોઈ વાહનમાં કામગીરી સોંપણી કરતી વખતે ડીઝલ/ફ્યુઅલ માલુમ નહિ પડે/અધવચ્ચેથી ડીઝલ/ફ્યુઅલ પુરૂ થઈ જશે તો તેવા સંજોગોમાં વાહનની તે દિવસની ગેરહાજરી ગણવા ઉપરાંત તે દિવસે વાહન પુરૂં પાડેલ નથી તેમ સમજી શરતોમાં જણાવેલ પેનલ્ટી કપાત કરવામાં આવશે.

૪૩. સદર ટેન્ડર અને/અથવા તે સંબધિત કામગીરી અને અન્ય આનુષાંગિક બાબતોનું કાર્યક્ષેત્ર અમદાવાદ શહેરની કોર્ટ રહેશે.

૪૪. સફળ કોન્ટ્રાક્ટરે સંસ્થાને જરૂરી રકમના સ્ટેમ્પ પેપર ઉપર કોન્ટ્રાક્ટ ડીડ/એગ્રીમેન્ટ કરી આપવાનું રહેશે. સ્ટેમ્પ પેપરની થતી રકમનું ખર્ચ કોન્ટ્રાક્ટરે ભોગવવાનું રહેશે. તેમજ કોન્ટ્રાક્ટરે રૂ.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પુરા) ની રકમ સિક્યોરીટી ડિપોઝીટ તરીકે સંસ્થામાં જમા કરાવવાની રહેશે. અર્નેસ્ટમની ડિપોઝીટ(ઈ.એમ.ડી.) એગ્રીમેન્ટ થયે એજન્સીને પરત કરવામાં આવશે. તાંત્રીક રીતે સફળ થયેલ લોએસ્ટ ઓફરવાળી એજન્સી ડિપોઝીટ સિક્યુરીટી ડિપોઝીટ સામે સરભર કરવા જણાવશે તો તે ખૂટતી રકમ તેઓએ જમા કરાવવાની રહેશે. કોન્ટ્રાક્ટની કામગીરી અધવચ્ચે છોડી શકાશે નહિ, જો તેમ કરવામાં આવશે તો સિક્યોરીટી ડિપોઝીટની રકમ જપ્ત કરવા સહિતના શિક્ષાત્મક પગલાં ભરવામાં આવશે.

૪૫.ભાવપત્રકના અનું. નં. ૪ અને ૫ માટે **<u>વાહનો દૈનિક ધોરણે જરૂરીયાત અનુસાર મંગાવવાના થતા હોઈ દૈનિક ધોરણે ભાડાનો દર દર્શાવવાનો રહેશે.</u>** વાહનોની જરૂરીયાત મહદ્અંશે દિવસ દરમ્યાન જ હોઈ, દિવસ દરમ્યાન વાહન પુરૂં પાડવાનું રહેશે તેમ ધ્યાને રાખી ભાવો ભરવાના રહેશે, રાત્રિના સમયગાળા માટેના ભાવો અલગથી દર્શાવવાના રહેશે નહિ. પરંતુ સંજોગોવસાત રાત્રિના સમયે વાહનોની જરૂરીયાત ઉપસ્થિત થાય તો તે પણ કોન્ટ્રાક્ટરે ટેન્ડરના દરોથી પુરા પાડવાના રહેશે.

૪૬. કોઇપણ વિવાદની બાબતમાં મેનેજીગ ડાયરેક્ટરશ્રી, જી.ટી.પી.સી.એલ.નો નિર્ણય આખરી ગણાશે.

૪૭. જે તે વાહનમાં મોટર વાહન અધિનિયમ મુજબ કાયદેસર માન્ય હોય તેવા જ બળતણનો ઉપયોગ કરવાનો રહેશે. ગેરકાયદેસર રીતે રાંધણ ગેસ કે અન્ય પ્રતિબંધિત બળતણનો ઉપયોગ કરી શકાશે નહિ. આવું ગેરકાયદેસરનું બળતણ વાપરવાના કારણે થતા કાયદાના ઉલ્લંઘન માટે કોન્ટ્રાક્ટરની અંગત જવાબદારી રહેશે.

૪૮. સંસ્થાને જે વાહનો પુરા પાડવામાં આવે તે વાહનો માટે મોટર વાહન અધિનિયમ હેઠળ જે કોઇ પરમીટ/મંજુરીઓ પ્રાદેશીક વાહન વ્યવહાર કચેરી તરફથી મેળવવાની થતી હોય તો તે મેળવીને વાહનો કોન્ટ્રાકટરે પુરા પાડવાના રહેશે. ઉપરાંત નિયમ મુજબ વાહન, ડ્રાઇવર, મુસાફરો અને થર્ડ પાર્ટીનો વીમો પણ ઉતરાવી લેવાનો રહેશે, આ અંગેની તમામ જવાબદારી વાહનો પુરા પાડનાર કોન્ટ્રાકટરની રહેશે. આવી કોઇ પરમીટ કે વીમો ન ઉતરાવવાના પ્રસંગે ઉપસ્થિત થતી કોઇપણ બાબત માટે જી.ટી.પી.સી.એલ. જવાબદાર રહેશે નહી.

૪૯. પ્રાઈસબીડમાં ભરવાપાત્ર ભાવ GST સિવાયના ભાવ ભરવાના રહેશે. સરકારશ્રીના નિયમોનુસાર GST અલગથી આપવામાં આવશે

વાહનો ભાડેથી પુરાં પાડવા માટે ઉપર જણાવેલ તમામ વિગતો, નિયમો અને શરતો વાંચેલ છે તથા તે તમામ મને/અમને કબુલ મંજુર છે તથા બંધનકર્તા છે.

Contractor’s Sign
With Seal

Gujarat Town Planning Consultancy Ltd.

## એનેક્ષર - ૧

**કામનું નામ:** ગુજરાત ટાઉન પ્લાનિંગ કન્સલ્ટન્સી લિમિટેડનાં જુદા જુદા ખાતાઓમાં ફિલ્ડ ડ્યુટી સારૂ જરૂરી માસિક દૈનિક ૧૨કલાકની કામગીરી માટે (મારૂતીઇકો/ઇઓન/આઇ-૧૦/વેગેનાર/સ્વીફ્ટ ડીઝાયર/અમેઝ/નેક્સોન/ઈનોવા ક્રિસ્ટા/સ્કોર્પિયો/ઝાયલો/અર્ટીગા વિગેરે) અથવા તે પ્રકારના પેસેન્જર ટ્રાંસપોર્ટેશનની કામગીરી પ્રકારના વાહનો માસિક/દૈનિક ધોરણે ભાડેથી પૂરાં પાડવાની વાર્ષિક કામગીરી અંગે.

ઉપરોક્ત કામગીરી માટે પુરા પાડવાનાં થતાં વાહનો નીચે જણાવેલ ઓછામાં ઓછા ટેકનીકલ સ્પેસીફીકેશન / જરૂરીયાત મુજબનાં પુરા પાડવાનાં રહેશે.

### સ્પષ્ટીકરણ

✓ વાહન (મારૂતીઇકો/ઇઓન/આઇ-૧૦/વેગેનાર/સ્વીફ્ટ ડીઝાયર/અમેઝ/નેક્સોન/ ઈનોવા ક્રિસ્ટા/સ્કોર્પિયો/ઝાયલો/અર્ટીગા/વિગેરે અથવા તે પ્રકારનાં પેસેન્જર ટ્રાન્સપોર્ટેશન)માં ઉપયોગમાં લેવાતાં હોય તેવા અને વર્ષ-૨૦૨૪કે તે પછીના કેલેન્ડર વર્ષમાં મેન્યુફેકચર/પ્રથમ વખત રજીસ્ટ્રેશન થયેલ હોવું જોઈએ તથા અન્ય સરકારી વિભાગનાં ધારાધોરણ મુજબની તથા માન્યતા પ્રાપ્ત હોવું જોઈએ. તમામ વાહન ટેક્ષી પાસીંગ પ્રકારનુ પાસીંગ ધરાવતા હોવા જોઈએ. જો કે ટેન્ડર ઇવેલ્યુએશનમાં ફક્ત સ્વીફ્ટ ડીઝાયર/અમેઝ/નેક્સોન વિગેરે પ્રકારનાં વાહનનાં આવેલ ભાવોને જ ગણતરીમાં લેવામાં આવશે.

✓ વાહન ફોરવ્હીલ પ્રકારનું હોવું જોઈએ તથા ડીઝલ/ સીએનજી/ પેટ્રોલ વિગેરે સહિતનાં માન્યતા પ્રાપ્ત ફ્યુઅલ સંચાલિત હોવું જોઇએ.

✓ વાહનો ઓછામાં ઓછા ૪ + ૧ (ડ્રાયવર) ની સીટીંગ કેપેસીટીની માન્યતા પ્રાપ્ત (એસી) હોવા જોઈશે.

✓ તમામ વાહનો લેટેસ્ટ CMVR રૂલ્સ મુજબનાં ધારા ધોરણ ધરાવતા હોવા જોઈશે.

Contractor's Sign
With Seal

Gujarat Town Planning Consultancy Ltd.

## એનેક્ષર - ૨

**કામનું નામ :** ગુજરાત ટાઉન પ્લાનિંગ કન્સલ્ટન્સી લિમિટેડનાં જુદા જુદા ખાતાઓમાં ફીલ્ક ચુટી સારૂ જરૂરી માસિક દૈનિક ૧૨કલાકની કામગીરી માટે મારૂતીઇકો/ઇઓન/આઇ-૧૦/વેગેનાર/ સ્વીફ્ટ ડીઝાયર/અમેઝ/નેક્સોન/ઈનોવા ક્રિસ્ટા/સ્કોર્પિયો/ઝાયલો/અર્ટીગા વિગેરે અથવા તે પ્રકારના પેસેન્જર ટ્રાંસપોર્ટેશનની કામગીરી પ્રકારના વાહનો માસિક/દૈનિક ધોરણે ભાડેથી પૂરાં પાડવાની વાર્ષિક કામગીરી અંગે.

ઉપરોક્ત કામગીરી માટેનાં ટેન્ડરમાં ભાગ લેવા ઈચ્છુક પાર્ટીઓ નીચે જણાવેલ ઓછામાં ઓછી કામગીરીનાં અનુભવ, નાણાંકીય અનુભવ અને અન્ય જણાવેલ બાબતે લાયકાત ધરાવતા હોવા જોઈએ.

### ક્વોલીફીકેશન ક્રાઇટેરીયા

✓ ટેન્ડરર ઓછામાં ઓછા ૧૦ નંગ (મારૂતીઇકો/ઇઓન/આઇ-૧૦/વેગેનાર/સ્વીફ્ટ ડીઝાયર/અમેઝ/નેક્સોન/ઈનોવા ક્રિસ્ટા/ સ્કોર્પિયો/ઝાયલો/અર્ટીગા/વિગેરે અથવા તે પ્રકારનાં અન્ય) પેસેન્જર ટ્રાન્સપોર્ટેશન ની કામગીરી સાથે સંકળાયેલ હોય તેવા ૪ વ્હિલર પ્રકારનાં ટેક્ષી પાસીંગ ધરાવતાં વાહનો પોતાની માલિકીના (કંપની/ પ્રોપરાઇટર / પાર્ટનર વિગેરેના નામે ) ધરાવતા હોવા જોઈએ. તથા તે અંગેનાં પુરાવા રૂપે ટેન્ડરના ટેકનીકલ બીડ સાથે આર.ટી.ઓ. બુક (આર.સી. બુક) ની ઝેરોક્ષ રજુ કરવાની રહેશે.

✓ ટેન્ડરરની છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષની (૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫) ટર્ન ઓવરને આધારે એવરેજ વાર્ષિક ટર્ન ઓવર ઓછામાં ઓછું અનુક્રમે રૂ.૭.૫૦ લાખ કે તેથી વધુ હોવું જોઈએ. જે અંગેના જરૂરી પુરાવા ટેન્ડરનાં ટેકનીકલ બીડ સાથે રજુ કરવાના રહેશે. જે માટે ચાર્ટડ એકાઉન્ટન્ટનું સર્ટીફીકેટ તથા ઓડીટ રીપોર્ટ / ઈન્કમટેક્ષ રીર્ટન વિગેરે ટેન્ડર સાથે મુકવાનાં રહેશે.

✓ ટેન્ડરર આ પ્રકારનાં કે અન્ય પ્રકારનાં પેસેન્જર ટ્રાન્સપોર્ટેશનની કામગીરી સાથે સંકળાયેલ વાહનો ભાડેથી કે પ્રોજેકટનાં ભાગ રૂપે પુરા પાડવાનું છેલ્લા ૭ વર્ષ પૈકી (તા.૨૦/૧૨/૨૦૨૫ સુધી) ઓછામાં ઓછો બે વર્ષનો સળંગ કામગીરી માટે નીચે જણાવેલ કામગીરી અનુભવ ધરાવતાં હોવા જોઈએ. જે માટે તેઓએ ટેન્ડર સાથે વર્કઓર્ડરની કોપી તથા પરર્ફોમન્સ સર્ટીફીકેટ રજુ કરવાના રહેશે.

- ટેન્ડરરે ત્રણ વર્ક ઓર્ડરમાં આ પ્રકારના સમાન વાહનો માટે ઓછામાં ઓછા ૩ વાહનો આપેલા હોવા જોઈએ.

**અથવા**

- ટેન્ડરરે બે વર્ક ઓર્ડરમાં આ પ્રકારના સમાન વાહનો માટે ઓછામાં ઓછા ૦૫ વાહનો આપેલા હોવા જોઈએ.

**અથવા**

- ટેન્ડરરે સીગલ વર્ક ઓર્ડરમાં આ પ્રકારના સમાન વાહનો માટે ઓછામા ઓછા ૧૦ વાહનો આપેલા હોવા જોઈએ.
- સંસ્થા Black-List નથી થયેલ તેવું સોગંદનામું સંસ્થાના Letter Pad OR રૂ.300/- નાં Stamp પર રજુ કરવાનું રહેશે.

સમાન વાહન એટલે કે (મારૂતીઇકો/ઇઓન/આઇ-૧૦/વેગેનાર/સ્વીફ્ટ ડીઝાયર/અમેઝ/ નેક્સોન/ ઈનોવા ક્રિસ્ટા/સ્કોર્પિયો/ઝાયલો/અર્ટીગા/વિગેરે અથવા તે પ્રકારનાં અન્ય પેસેન્જર ટ્રાન્સપોર્ટેશનની કામગીરી સાથે સંકળાયેલ હોય તેવા ૪ વ્હીલર પ્રકારનાં વાહનો ગણતરીમા લેવામા આવશે.

Contractor's Sign
With Seal

Gujarat Town Planning Consultancy Ltd.

## એનેક્ષર ૩

કામનું નામ : ગુજરાત ટાઉન પ્લાનિંગ કન્સલ્ટન્સી લિમિટેડનાં જુદા જુદા ખાતાઓમાં ફીલ્ક યુટી સારૂ જરૂરી માસિક દૈનિક ૧૨ કલાકની કામગીરી માટે મારૂતી ઇકો/ઇઓન/આઇ-૧૦/વેગેનાર/ સ્વીફ્ટ ડીઝાયર/અમેઝ/નેક્સોન/ઈનોવા ક્રિસ્ટા/સ્કોર્પિયો/ઝાયલો/અર્ટીગા વિગેરે અથવા તે પ્રકારના પેસેન્જર ટ્રાંસપોર્ટેશનની કામગીરી પ્રકારના વાહનો માસિક/દૈનિક ધોરણે ભાડેથી પૂરાં પાડવાની વાર્ષિક કામગીરી અંગે.

૧ ટેન્ડરરનું નામ :-

૨ ટેન્ડરરનું સરનામુ:-

૩ સંપર્ક નંબર:- (ઓ.)

(રહે.)

(મો.)

ઈમેલ આઈ.ડી.

૪ મુખ્ય વ્યક્તિનું નામ (સંસ્થાનાં):-

સરનામુ :-

સંપર્ક નંબર :- (ઓ.)

(રહે.)

(મો.)

ઈમેલ આઈ.ડી.

૫. ટેન્ડરરનાં બેંકર્સની વિગત:- બેંકનું નામ:

શાખા:-

એકા.નંબર :-

ચાલુ ખાતુ / બચત ખાતુ:-

એમ.આઇ.સી.આર નં. :-

આઈ.એફ.એસ.સી. નંબર :-

૬. ટેન્ડરરનો (ઈન્કમટેક્ષ વિભાગનો) પાનનંબર –                    તારીખ :-

૭. GST ટેક્ષ નોંધણી/

અ. રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ તથા તેનો નંબર:-

૮. વ્યવસાય વેરા

બ. નોધણી/ રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ તથા તેનો નંબર:-

ઉપર જણાવેલ તમામ વિગતો ખરી છે તેની ખાત્રી આપીએ છીએ તથા ટેન્ડર અંગેનાં તમામ નિયમો અને શરતો મેં/અમે વાંચ્યા છે, સમજ્યા છે અને મને/અમોને કબૂલ – મંજુર અને બંધનકર્તા રહેશે.

તારીખ :                                        ટેન્ડરરની સહી તથા સિક્કો

# ગુજરાત ટાઉન પ્લાનિંગ કન્સલટન્સી લીમીટેડ

૩જો માળ, રિવરફ્રન્ટ હાઉસ, એચ.કે. આર્ટ્સ કોલેજ પાછળ, અમદાવાદ-૩૮૦૦૦૯

## એનેક્ષર - ૪

ગુજરાત ટાઉન પ્લાનિંગ કન્સલ્ટન્સી લિમિટેડનાં જુદા જુદા ખાતાઓમાં ફીલ્ડ ડયુટી સારૂ જરૂરી માસિક દૈનિક ૧૨કલાકની કામગીરી માટે મારૂતીઇકો/ઇઓન/આઇ-૧૦/વેગેનાર/સ્વીફ્ટ ડીઝાયર/અમેઝ/નેક્સોન/ઈનોવા ક્રિસ્ટા/સ્કોર્પિયો/ઝાયલો/અર્ટીગા વિગેરે અથવા તે પ્રકારના પેસેન્જર ટ્રાંસપોર્ટેશનની કામગીરી પ્રકારના વાહનો માસિક/દૈનિક ધોરણે ભાડેથી પૂરાં પાડવાની વાર્ષિક કામગીરી અંગે.

**ખાસ સૂચના : અનુક્રમ નં૧માં ભાવ પ્રતિ મહીના લેખે ભરવાના રહેશે, પ્રાઇસ બીડ ફરજીયાતપણે ઓન લાઇન ભરવાનું રહેશે.**

| ક્રમ | વિગત | ભાડેથી પૂરા પાડવાના વાહનોના ભાવ રૂ. (આંકડામાં અને શબ્દોમાં) | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મારૂતી ઇકો/ઇઓન/આઇ-૧૦/વેગેનાર વિગેરે પ્રકારનાં વાહન રૂ. | | સ્વીફ્ટ ડીઝાયર/અમેઝ/નેક્શોન પ્રકારનાં વાહન રૂ. | | અર્ટીગા/સ્કોર્પિયો પ્રકારના વાહન રૂ. | | ઈનોવા ક્રિસ્ટા પ્રકારના વાહન રૂ. | |
| | | એ.સી. | નોન એ.સી. | એ.સી. | નોન એ.સી. | એ.સી. | નોન એ.સી. | એ.સી. | નોન એ.સી. |
| ૧ | વાહનો માસિક ધોરણે ભાડેથી પૂરા પાડવા માટે મહત્તમ ૨૦૦૦ કિ.મી. દૈનિક ૧૨ કલાકના સમય માટે ભાડેથી પૂરાં પાડવાનો ભાડાનો દર.(ભાવ પ્રતિ મહીના લેખે ભરવાના રહેશે.) | | | | | | | | |
| ૨ | માસિક ધોરણે ભાડેથી પુરા પાડવામાં આવેલ વાહનો માટે દૈનિક ૧૨ કલાક કરતા વધારે સમય માટે વાહન વપરાશમાં લેવામાં આવે તો તે વધારાના પ્રત્યેક કલાક દીઠ ભાડાનો દર. | | | | | | | | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | માસિક ધોરણ ૨૦૦૦ કિ.મી કરતા વધારાના એક કિ.મી માટેનો ભાડાનો દર | | | | | | | | |
| ૪ | દૈનિક ધોરણે વપરાશમા આવતા વાહનો માટે મહત્તમ ૩૦૦ કિ.મી માટેના ભાડાનો દર (On Call basis) | | | | | | | | |
| ૫ | દૈનિક ધોરણે ૩૦૦ કી.મી. કરતા વધારાના એક કી.મી. માટેનો ભાડાનો દર | | | | | | | | |

- સદર ટેન્ડરમાં ટેન્ડરરે પ્રાઈઝ બીડ ફોર્મેટમાં જણાવ્યા મુજબ પ્રકારનાં વાહનો માટે ભાવ દર્શાવવાનાં રહેશે. જો કે સદર ટેન્ડર અન્વયે આવેલ ટેન્ડરો પૈકી લોએસ્ટ ટેન્ડર નક્કી કરવાનાં ઈ વેલ્યુએશનમાં સ્વીફ્ટ ડીઝાયર/અમેઝ/નેક્શોન પ્રકારનાં વાહનની કેટેગરીમા દર્શાવેલ વાહનો માટે ૧૨ કલાકની દૈનિક અને માસિક મહત્તમ ૨૦૦૦ કિ.મી.ની રનીંગ મર્યાદા માટેનાં આવેલ ભાવોને ગણતરીમાં લેવામાં આવશે અને તેનાં આધારે લોએસ્ટ ટેન્ડર નક્કી કરવામાં આવશે.
- ટેન્ડરર દ્વારા ભરવાપાત્ર ભાવ GST સિવાયના ભાવ ભરવાના રહેશે. સરકારશ્રીના નિયમોનુસાર GST અલગથી આપવામાં આવશે.

તારીખ :

ટેન્ડરરની સહી તથા સિક્કો

## Annexure – 4 (Sample Price Bid)

Regarding the Annual Contract for providing Maruti Eco/Eon/I-10/WagonR/Swift Dzire/Amaze/Nexon/Innova Crysta/Scorpio/Xylo/Ertiga etc. or similar type of passenger transportation type vehicles on monthly basis for the requirements of daily 12 hours' work for the Field Duties of various Departments of Gujarat Town Planning Consultancy Limited.

**Special Note: Sr no. 1 Monthly Rates should be filled, Price bid must be submitted online.**

| Sr. No. | Details | Price of vehicles to be provided on hire Rs. (in figures and words) | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Maruti Eeco/Eon/I-10/Wagenar etc. type vehicles Rs. | | Swift Dzire/Amaze/Nexon type vehicles Rs. | | Ertiga/Scorpio type vehicle Rs. | | Innova Crysta type vehicle Rs. | |
| | | A/C | Non A/C | A/C | Non A/C | A/C | Non A/C | A/C | Non A/C |
| 1 | Rates for providing Vehicle on a monthly basis for Maximum Distance of 2000 km. for Daily Period of 12 Hours. ( Monthly Rates should be filled) | | | | | | | | |
| 2 | Rates for each additional Hour, if the Vehicle is used for more than 12 hours per Day (For Vehicles provided on a Monthly basis) | | | | | | | | |
| 3 | Rates for each additional Km beyond the monthly limit of 2000 Km (For Vehicles provided on a Monthly basis) | | | | | | | | |
| 4 | Rates for providing Vehicle on one-day basis for maximum distance of 300 km (On Call basis) | | | | | | | | |
| 5 | Rates for each additional km over 300 km For Vehicle provided on One-day basis | | | | | | | | |

- In this tender, the tenderer will have to indicate the rates for the type of vehicles as mentioned in the price bid format. However, in the evaluation to determine the lowest tender amongst the tenders received, the rates received for the vehicles mentioned in the category of Swift Dzire/Amaze/Nexon type vehicles for a daily running limit of 12 hours and a monthly maximum running limit of 2000 km will be considered and the lowest tender will be determined based on that.
- The price payable by the tenderer shall be exclusive of GST. GST will be paid separately as per the government rules.

Date: Tenderer's signature and stamp